Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# બિનનિવાસી ભારતીયનો ગ્રામવિકાસમાં ફાળો

**ભાગ્યવાન સોલંકી**
પી.એચ.ડી. સ્કોલર, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સુરત.

**પ્રસ્તાવના**

આઝાદી મળી ત્યારથી ભારતનાં ગામડાં અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાઓ વિકાસ આડે અવરોધરૂપ બની રહી છે. લગભગ તમામ ક્ષેત્રોમાં 'ભારત' (ગ્રામીણ) અને 'ઇન્ડિયા' (શહેરી) વચ્ચેનો તફાવત ઊડીને આંખે વળગે છે. અસમતોલ વિકાસના કારણે ગામડાંઓમાં માળખાકિય સુવિધા, આર્થિક-સામાજિક વિકાસ અપૂરતો જોવાંમળે છે. ૧૯૯૧ની નવી નીતિ અમલમાં આવવાથી સ્થળાંતર અને શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો છે. આમ થવાથી ગામો તુટતાં જાય છે કારણ કે, ગામોમાં શહેરો જેવી સુવિધા હોતી નથી પરિણામે, ગામનાં લોકો આકર્ષાઈને શહેર તરફ પ્રયાણ કરે છે. આ નીતિથી ગામોના ભોગે શહેરીકરણ થાય છે. જે આવકારદાયક નથી. વાસ્તવમાં એવું શહેરીકરણ અને તેના યોગ્ય વિકાસથી આધુનીકરણ આવકાર્ય છે. ગામમાં શહેર જેવી સુવિધાઓ મળી રહે તો જ ગામ શહેર બને અને તો જ 'ભારત' અને 'ઇન્ડિયા' વચ્ચેનો ભેદ દુર થાય અને સમતોલ વિકાસને વેગ આપી શકાય છે.

સામાજિક - રાજકીય, કુદરતી પ્રકોપમાંથી બચવા એમ વિવિધ કારણોસર સ્થળાંતર થાય છે પરંતુ, મુખ્યત્વે સ્થળાંતર એ આર્થિક-વ્યવસાય કારણોસર થાય છે. શહેરોમાં રોજગારીની તકો તેમજ માળખાકીય સુવિધાઓ વધુ હોવાથી ગામના લોકો સ્થળાંતર કરે છે. ભારતમાંથી ખાસ કરીને ઈ.સ. ૧૯૭૦ પછી યુ.એસ.એ, કેનેડા અને કેટલાંક અંશે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ જેવાં દેશોમાં સ્થળાંતર વધુ પ્રમાણમાં જોવાં મળે છે. આ સમયગાળા દરમિયાન ૨૪.૩ હજાર જેટલાં ભારતીયો આ દેશોમાં જઈને વસ્યાં હતાં. ગુજરાતના લોકો વિશ્વના અનેક દેશોમાં વસવાટ કરે છે. તેમજ ત્યાંના રાજકારણ,વ્યાપાર,વ્યવસાય અને અન્ય ક્ષેત્રોમાં ગણનાપાત્ર પ્રભુત્વ ધરાવે છે. સાહસિક દરિયાખેડું, કોઠાસૂઝ ધરાવતો ગુજરાતી વિશ્વ નિવાસી બન્યો છે અને જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાંની પ્રજા સાથે એક રસ થઈને ભળી ગયો છે. આ વિદેશમાં સ્થાયી વસવાટ કરતાં લોકોને બિન નિવાસી ભારતીય ( Non Resident Indian ) તરીકે ઓળખવામાં આવે છે.

બિનનિવાસી ભારતીયોના દિલમાં ભારત માટેનો પ્રેમ અને દાનનો મહિમા વસેલો છે. દાન આપનારને માદરે વતનનું ઋણ ચૂકવવાની તક મળે છે. તેમાં ગ્રામવિકાસ એ મહત્વની બાબત છે. દક્ષિણ ગુજરાતના સંદર્ભમાં સખાવતી વ્યક્તિઓ દ્વારા થયેલ ગ્રામવિકાસનો અભ્યાસ કરે છે. બિન નિવાસી ભારતીય ધાર્મિક, સામાજિક કે અન્ય પ્રસંગો વખતે પોતાના વતનની મૂલાકાત લે છે. તે દરમિયાન ગામના લોકોને પડતી મુશ્કેલીઓ જેવીકે પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ, આરોગ્ય, શિક્ષણ રસ્તા તેમજ અન્ય સુવિધાઓ થી તેઓ વાકેફ થાય છે અને તેના

નિવારણ માટે નોંધપાત્ર રકમ દાનમાં આપી ગ્રામવિકાસ માટેની પ્રતિબદ્ધતા બતાવે છે. આ સુવિધાનો લાભ તમામ ગામના લોકોને મળતો હોવાથી તેમની સુવિધામાં વધારો, આરોગ્યમાં સુધારો અને શિક્ષણમાં પણ વધારો જોવા મળ્યો છે. બિનનિવાસી ભારતીય ભવિષ્યમાં પણ ગ્રામવિકાસ માટેની કામાંગીમાં ફાળો આપવાની તત્પરતા બતાવે છે. આથી ગામ બધીજ સુવિધાઓ ઊભી થતાં ગામડું ક્રમશ: ગામ બને ત્યારબાદ શહેર જેવું બનવા પામે છે. અલબત્ત કદમાં નહિ પરંતુ, સુવિધામાં તે શહેરમાં જોવાં મળતી સુવિધાઓ ધરાવે છે.

આમ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ અને પ્રો. અમર્ત્ય સેનનો ‘ Providing Urban Amenities in Rural Area ’ ( PURA )નો ખ્યાલ અહિ ચરિતાર્થ થયો જોવાં મળે છે.

**બિનનિવાસી ભારતીય અને ઇન્ડિયન ડાયાસ્પોરાની વિભાવના.**

બિનનિવાસી ભારતીય મૂળભૂત ભારતીય નાગરિક છે પરંતુ, જેણે બીજા દેશમાં સ્થળાંતર કર્યું છે તે રોજગારી માટે કે અન્ય કોઈ કારણોસર ભારત છોડીને વિદેશમાં સ્થાયી થાય છે તેને બિનનિવાસી ભારતીય કહેવામાં આવે છે. ૧૯૭૦ થી ૧૯૮૦ દરમિયાન ૨૪.૩ હજાર જેટલાં ભારતીયો વિદેશમાં જઈને વસ્યાં હતાં. ૨૦૦૧માં વિશ્વમાં કુલ દેશોમાંથી ૧૧૦ દેશોમાં બિનનિવાસી ભારતીયો પથરાયેલાં છે. જેમાં તેઓની સંખ્યા ૨ કરોડ ૮૪ લાખ છે.

‘ ઇન્ડિયન ડાયાસ્પોરા ’ શબ્દ ભારતમાંથી સ્થળાંતર કરી પરદેશમાં વસેલા ભારતીયો માટે વપરાય છે. ડાયાસ્પોરા શબ્દ બે ગ્રીક શબ્દો ‘ ડાય ’ અને ‘ સ્પેઈરો ’ માંથી ઉદભવેલ છે. વર્તમાન સમયમાં ‘ઇન્ડિયન ડાયાસ્પોરા’ને સમજવા માટે તેની સાથે જોડાયેલાં ‘ અમીગ્રેશન ’ ખ્યાલમાં કોઈ એક દેશમાંથી બીજા દેશમાં વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ દ્વારા આર્થિક કામ માટે કરાતા સ્થાલાન્તારની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ડાયસ્પોરા અને ભારતમાંથી અન્ય દેશોમાં જી વસેલાં ભારતીય સમૂહો જેવાકે ભારતીય નિર્વાસતો તથા આર્થિક પ્રગતિ માટે જઈ વસેલાં વંશીય, પ્રજતીય, પ્રાદેશિક, ભાષાકીય, ધાર્મિક અને જ્ઞાતિ સમુહોમાંથી આવતાં સ્થળાંતરિતોનો સમાવેશ થાય છે.

ગુજરાતી ડાયાસ્પોરાની વ્યાપકતા અને મહત્તા અમેરિકામાં રહેતાં ૧૦ લાખથી વધુ ભારતીય વસાહતીઓમાં ૪૦ ટકાથી વધુ ગુજરાતીઓ છે. આ ગુજરાતી વસાહતીઓના પૈકી ૮૦ ટકા પાટીદારો છે. તેઓ તેમના મૂળ વતનના પ્રદેશ, ગામ,જ્ઞાતિ અને કુટુંબના તથા સગાં સબંધીઓ પ્રત્યે ખુબજ પ્રેમ તથા ભાવના જોવા મળે છે.તેમની આ પ્રેમ ભાવના ના કારણે ચરોતર તથા દક્ષિણ ગુજરાતના ગામોમાં આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં તેમનો નોંધપાત્ર ફાળો રહેલો છે.

**સંશોધન પદ્ધતિ.**

**અભ્યાસના હેતુઓ.**

૧) બિન નિવાસી ભારતીયના વિવિધ હેતુ માટે અપાયેલ દાનની જાણકારી મેળવવી.

૨) બિનનિવાસી ભારતીયના દાનથી જે સુવિધાઓ ઊભી થઈ તેનાથી ગામલોકોને થયેલ લાભનું પ્રમાણ અને પ્રસાર
જાણવાં.

૩) બિન નિવાસી ભાતીયની કામગીરી અંગે ગામલોકોના મંતવ્યો જાણવાં.

**ક્ષેત્રની પસંદગી.**

દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના પટેલોનું ખુબ મોટું અને ખુબ અસરકારકતા ડાયાસ્પોરા છે. તેમજ વિવિધ પ્રકારની વિકાસ લક્ષી કામગીરી કરવાની વર્ષો જૂની પરંપરા ધરાવે છે. સુરત જિલ્લાના કુલ ૧૦ તાલુકાઓમાં ૭૧૩ ગામો આવેલાં છે. ગ્રામવિકાસ માટે સરકાર ઘણી બધી યોજનાઓ અમલમાં મુકે છે પરંતુ, ગામનાં છેવાડાના લોકો સુધી તેના લાભો બહુ ઓછા જોવા મળે છે. ગ્રામ વિકાસ માટે સરકાર ઉપરાંત લોકભાગીદારી થકી પણ ગ્રામ વિકાસ થઇ શકે છે. જેમાં દક્ષિણ ગુજરાતના ગામોમાં બિનનિવાસી ભારતીય રહે છે. તેઓ પોતાના ગામનાં વિકાસ માટે દાન આપે છે. તેઓ રોકડ રકમ ઉપરાંત વિવિધ સુવિધાઓ પણ ઊભી કરી આપે છે. જેનો ગામલોકો કેવો અને કેટલાં પ્રમાણમાં ઉપયોગ કરે છે.તે તપાસવાં માટે આ ક્ષેત્રની પસંદગી કરેલ છે.

**નમુનાની પસંદગી.**

સુરત જિલ્લાનાં બે તાલુકાનાં ૧૧૮ ગામોમાંથી ૪ ગામો સાદા યદચ્છ નિદર્શ તરીકે પસંદ કરેલ પલસાણા તાલુકાના કુલ ૪૯ ગામોમાંથી બે ગામ ‘એના’ અને ‘મલેકપોર’ તથા કામરેજ તાલુકાનાં કુલ ૬૯ ગામોમાંથી બે ગામ ‘વિહાણ’ અને ‘વાવ’ ગામમાં રહેતાં બિનનિવાસી ભારતીય, સરપંચ, શાળાના મુખ્ય શિક્ષક અને ગામનાં સ્થાનિક લોકોને અભ્યાસ હેઠળ આવરી લીધેલ છે.પસંદ કરેલ દરેક ગામમાંથી ૫ ઉત્તરદાતા એટલેકે ૪૦ ઉત્તરદાતાની પસંદગી કરવામાં આવેલ છે.

**તારણો.**

| |
|---|
| ૧. ઉત્તરાદાતાની સામાન્ય માહિતી. |
| • તમામ ઉત્તરદાતાઓ પુખ્ત વયથી વૃદ્ધ વય સુધીના હોવાથી તેઓ પોતાના મંતવ્યો, વિચારો સમજીને આપી શકે છે જેમાં ૩૬ થી ૪૫ વયજૂથના ઉત્તરદાતાઓ સૌથી વધુ જોવા મળેલ છે. |
| • તમામ ઉત્તરદાતાઓ શિક્ષિત છે. પ્રાથમિક શિક્ષણ મેળવેલ ઉત્તરાદાતાઓની ટકાવારી ૩૫ ટકા સુંથી વધુ છે તેઓ એ.સી.અને એસ.ટી અને અન્ય જ્ઞાતિના છે. ઉચ્ચ.માધ્ય શિક્ષણ મેળવેલ ઉત્તરદાતા ખુબ જ ઓછાં ૧૨ ટકા છે. |
| ૨. બિનનિવાસી ભારતીયના દાન આપવા અંગેની માહિતી. |
| • બિનનિવાસી ભારતીય એ દાન આપેલ કુટુંબો પૈકી એના ગામમાં અન્ય ગામો કરતાં સૌથી વધુ દાન આપેલા છે જે ૭૯.૩૧ ટકા છે.જયારે વિહાણ ગામમાં ૫૫.૫૫ ટકા જ દાન આપેલ છે જે ઓછું છે બિનનિવાસી ભારતીયના કુલ કુટુંબો પૈકી ૭૫.૯૧ ટકા દાન આપેલ છે. જે પોતાના વતન માટેની લાગણી અને પ્રેમ વ્યક્ત કરે છે. આ દાનથી ગામમાં જે સુવિધાઓ વિકસી તેનો લાભ સમસ્ત ગામનાં લોકોને મળે તે હેતુથી દાન આપેલ છે. |
| • ગામમાં દાન આપવાનો હેતુ ગામ લોકો જ નક્કી કરે છે. મોટા ભાગે ગામલોકોની જરૂરિયાત મુજબ ગામલોકો પોતે જ આયોજન કરી બિનનિવાસી ભારતીય સમક્ષ રજુ કરતાં માલૂમ પડ્યા છે. |

| |
|---|
| • બિનનિવાસી ભારતીય ગામનો અને ગામના લોકોનો વિકસ કરવા માટે ભવિષ્યમાં દાન આપવાની અને ખૂટતીસુવિધાઓ પૂરી કરી આપવાની તત્પરતા બતાવે છે. |
| • અભ્યસ હેઠળના તમામ ગામો સમૃદ્ધ હોવાથી ત્યાના લોકોના પ્રશ્નો નહીવત પ્રમાણમાં છે તે સારી બાબત છે પરંતુ, જો કોઈ મોટાં પ્રશ્નો ઉપસ્થિત થાય તો તે પ્રશ્નનું નિવારણ માટે 'Public Praivet Partnership 'ના ખ્યાલને અગ્રીમતા આપે છે. |
| • આ ગામોમાં બિનનિવાસી ભારતીય સિવાય વત્તાઓછાં અંશે સ્થાનિક લોકો પણ સખાવત કરે છે અને ગામના વિકાસમાં સહભાગી બને છે. |
| • બિનનિવાસી ભારતીયના દાનથી આ ગામોમાં જે સુવિધાઓ ઊભી થઇ છે તેનાથી પ્રવિત થઈ અન્ય ગમનાં લોકો પોતાની દીકરી આ ગામોમાં પરણાવવાં સામે ચાલીને આવે છે કેમકે આ સુવીધાઓનો લાભ તેઓની દીકરીને મળે અને સુખી જીવન જીવી શકે. |
| • બિનનિવાસી ભારતીય કુટુંબો મોટે ભાગે મોટેલનો વ્યવસાય કરતાં માલૂમ પડ્યાં છે. જયારે બાકીના ડોકટર, અન્ય દુકાન ચલાવે છે તેમજ શૈક્ષણિક હેતુંમાંતે વિદેશમાં સ્થળાંતર કરે છે. |

**બિન નિવાસી ભારતીયોએ આપેલ આર્થિક દાન વિષયક માહિતી ( રૂ.લાખ-કરોડમાં)**

| ક્રમ | ગામ | ધાર્મિક | શૈક્ષણિક | આરોગ્ય | માળખાકીય સુવિધા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એના | ૫ કરોડ | ૧ કરોડ | ૧૬ લાખ | ૧.૫૪ કરોડ | ૧૫ લાખ | ૭.૮૫ કરોડ |
| ૨ | વાવ | ૧૧ લાખ | ૧ કરોડ | ૫૦ લાખ | ૧૪.૫૦ લાખ | ૧૦ લાખ | ૧.૮૫૫૦ કરોડ |
| 3 | મલેકપોર | ૧૦ લાખ | ૧૧ લાખ | - | ૧.૪૪૦ કરોડ | ૧૪ લાખ | ૧.૨૮૪૦ કરોડ |
| ૪ | વિહાણ | ૫ લાખ | ૯૦ હજાર | ૮ લાખ | ૧૪.૫૦ લાખ | ૩૦ લાખ | ૧.૩૯૪૦ કરોડ |
| | **કુલ** | **૫.૨૬ કરોડ** | **૨.૧૧૯૦ કરોડ** | **૭૪ લાખ** | **૩.૩૯૪ કરોડ** | **૬૯ લાખ** | **૧૨.૩૮૩૦ કરોડ** |

ઉપરોક્ત કોષ્ટક પરથી ફલિત થાય છે કે કુલ ગામોમાંથી 'એના' ગામમાં ધાર્મિક હેતુ માટે સૌથી વધુ દાન આપેલ છે. તેના પરથી માલૂમ પડે છે કે હાલના સમયમાં પણ પહેલાના સમય જેટલું જ ધર્મનું મહત્વ છે. જયારે 'વાવ' ગામમાં શૈક્ષણિક હેતુ માટે અન્ય ગામો કરતા વધુ દાન આપેલ છે. જ્યાં શિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે. તમામ ગામોમાં 'મલેકપોર' ગામમાં માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં સૌથી વધુ ફાળો આપેલ જણાય છે જેનો હેતુ ગામલોકોને પુરતી સગવડ મળી રહે તે છે. 'વિહાણ' ગામ અન્ય કામગીરી (ગરીબોને ધાબળા આપવા, કોમ્યુનીટી હોલ) માટે સૌથી વધુ દાન આપેલ છે. આ દાન સમાજના પ્રસંગો માટે ઉપયોગી થવા માટે આપેલ છે.

**ઉપસંહાર.**

વર્તમાન વિકાસલક્ષી ચર્ચાઓમાં વિકાસશીલ દેશોમાંથી વિકસિત દેશમાં થયેલાં સ્થળાંતરને ‘એજન્ટ ઓફ ડેવલપમેન્ટ’ વિકાસ અને પરિવર્તનના વાહક તરીકે જોવામાં આવે છે કારણ કે, તેઓ પોતાનાં વતન માટે નાણાંકીય સહાય, મૂડીરોકાણ અને દાન કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં સ્થળાંતર અને વિકાસના સબંધોને તપાસતા અનેક અભ્યાસો થયા છે. કેટલાંક લોકોના મતે આ પ્રકારના બિનનિવાસી ભારતીયના વતન માટેના દાનને નવો વિકાસનો મંત્ર તરીકે જોવામાં આવે છે. તેઓ પોતાના વતની મૂલાકાત દરમિયાન પોતાના વતનનું ઋણ ચુકવવા તેમજ ગામના લોકોને મદદ કરવાં દાન આપે છે. આ દાન ગામના વિકાસના કાર્યોમાં વપરાય છે. આમ બિનનિવાસી ભારતીય દ્વારા જે કામગીરી થઇ છે તે સમસ્ત ગામ લોકોને તેનો લાભ થાય છે અને બિનનિવાસી ભારતીયના દાનનો ગ્રામવિકાસમાં ફાળો અત્યંત સાર્થક નીવડે છે.

**સંદર્ભ સૂચી.**

૧) અર્થાત્ અંક - સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

૨) સમાજકારણ અંક - સરદાર પટેલ યુનિવર્સીટી વિદ્યાનગર, આણંદ

૩) વસ્તી વિષયક ભૂગોળ – યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૪) Indian Diaspora in National and Regional Context - Sardar Patel University Vallabh Vidyanagar, Anand.